Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-14, Issue-1, June-2020

# ભારતમાં ગ્રામીણ આવાસની સ્થિતિ, સમસ્યાઓ અને ઉકેલો

ડૉ. હિતેશ એન. જાગાણી
મદદનીશ પ્રાધ્યાપક, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા, જિ. ગાંધીનગર - 382620
(ગુજરાત)
મો. 9428108588 ઈ-મેઈલ-hitesh28jagani@gmail.com

***સારાંશ:*** *સામાન્ય રીતે આવાસને માનવીની આધારભૂત જરૂરિયાતના રૂપમાં સ્વીકાર કરવામાં આવે છે. સાથે સાથે આવાસ એ મૂળભૂત માનવ અધિકાર પણ છે. સારા જીવનધોરણ માટે આવાસ પાયાની જરૂરિયાત છે. પ્રસ્તુત શોધપત્રનો હેતુ ભારતના ગ્રામ્ય વિસ્તારમાં આવાસની સ્થિતિ, સમસ્યાઓ અને ઉકેલો જાણવાનો છે.NSSO ના 76મો રાઉન્ડ જુલાઇ-ડિસેમ્બર, 2018 માં પેયજળ, સ્વચ્છતા, આરોગ્ય અને આવાસની સ્થિતિ અંગે રાષ્ટ્રવ્યાપી સર્વેક્ષણ કરવામાં આવેલ. જે મુજબ ગ્રામીણ વિસ્તારના 96 ટકા કુટુંબો અને શહેરી વિસ્તારના 63.8 ટકા કુટુંબો પાસે પોતાનું આવાસ છે. 2011 ની વસ્તી ગણતરી અનુસાર ભારતમાં 331 મિલિયન આવાસ આવેલા છે. જેમાં 221 મિલિયન (66.7 ટકા) ગ્રામીણ વિસ્તારમાં અ 110 મિલિયન (33.3 ટકા) આવાસ શહેરી વિસ્તારમાં આવેલા છે. સામાજિક-આર્થિક અને જ્ઞાતિ આધારીત વસ્તી ગણતરી – 2011 મુજબ ભારતમાં ગ્રામીણ કુટુંબોની સંખ્યા 179787454 છે. જેમાં માલિકીનું આવાસ ધરાવતા કુટુંબો 170636913 (94.91 ટકા) છે. ભારતમાં આવાસની અછત છે. સાથે સાથે આવાસમાં પાયાની સુવિધાઓનો અભાવ પણ જોવા મળે છે. સરકાર દ્વારા શહેરી આવાસની સરખામણીએ ગ્રામીણ આવાસને ઓછી અગ્રતા આપવામાં આવેલ છે. 12 મી પંચવર્ષીય યોજના (2012-17) ના સમયગાળામાં 48.8 મિલિયન આવાસની અછત ગ્રામીણ ભારતમાં હતી. તેમાંના 90 ટકા બી.પી.એલ. કુટુંબો છે. તેઓમાં 43.93 મિલિયન આવાસની અછત છે. ગ્રામીણ આવાસની અછતની સ્થિતને પહોંચી વળવા માટે ગ્રામીણ આવાસ ક્ષેત્રે નીતિ, યોજનાઓ, કાર્યક્રમોમાં, ભંડોળમાં અગ્રતા આપી ધ્યાન આપવું, ગ્રામીણ વિસ્તારમાં સૌના માટે આવાસનું લક્ષ્ય પાર પાડવા માટે ગ્રામીણ ક્ષેત્રમાં અનુકૂળ વાતાવરણ સર્જનની જરૂરિયાત છે. જેથી ગ્રામીણ ક્ષેત્રમાં વસવાટ કરતા લોકોને પાયાની સુવિધાવાળું પાકું આવાસ મળી શકે.*

***ચાવીરૂપ શબ્દો*** *: ગ્રામીણ આવાસ, કાચા આવાસ, પાકા આવાસ*

1. **પ્રસ્તાવના:**
2.

આવાસ એ માનવ કલ્યાણની મૂળભૂત જરૂરિયાત છે. અન્ન, વસ્ત્ર અને આવાસ એ માનવીની મૂળભૂત જરૂરિયાત છે. વ્યક્તિના સર્વાંગી વૃદ્ધિ અને વિકાસ માટે આવાસની અપૂરતી સુવિધા મહત્વપૂર્ણ ઘટક છે. જ્યાં તે શારીરિક, માનસિક રીતે સ્વસ્થ અને આનંદથી જીવન જીવી શકે. આવાસમાં તે સલામતી અનુભવે છે. શાંતિ પ્રાપ્ત કરે છે. આપણા સમાજમાં આવાસને મોભાનું સ્થાન આપવામાં આવેલ છે. સારા જીવનધોરણ માટે આવાસ પાયાની જરૂરિયાત છે.

માનવ અધિકાર અંગેનું આંતરરાષ્ટ્રીય ઘોષણાપત્ર - 1948, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો અંગેનું આંતરરાષ્ટ્રીય ઘોષણાપત્ર – 1966 ઉપરાંત આંતરરાષ્ટ્રીય આવાસને મૂળભૂત માનવ અધિકાર તરીકે ઘોષિત કરે છે તથા પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે. પર્યાપ્ત આવાસની પહોંચ અધિકાર તરીકે વિવિધ પ્રસંગે તથા મંચમાં વાત કરવામાં આવી છે. ઓક્ટોબર મહિનાના પ્રથમ સોમવારને સંયુક્ત રાષ્ટ્રએ વિશ્વ આવાસ દિવસ તરીકે ઘોષિત કરેલ છે.

**2. ચાવીરૂપ શબ્દો :**

**2.1 કાયમી આવાસ**

એવા આવાસો જેની દિવાલો અને છત કાયમી સામગ્રીમાંથી બનાવેલ હોય.

**2.2 અર્ધ કાયમી આવાસ**

એવા આવાસ જેની દિવાલ અથવા છત કાયમી સામગ્રીમાંથી બનાવેલ હોય.

**2.3 અસ્થાયી આવાસ**

એવા આવાસ જેમાં દિવાલો અને છત બંને એવી સામગ્રીથી બનેલી હોય છે જેને વારંવાર બદલવાની જરૂર હોય.

**2.4 કામચલાઉ આવાસ**

એવા આવાસ જેમાં દિવાલો માટી, કાચી ઇંટ અથવા લાકડાની બનેલ હોય.

**2.5 કાચા આવસ**

સામાજિક-આર્થિક અને જ્ઞાતિ આધારીત ગણતરી-2011 અનુસાર કાચા આવાસની પરિભાષા અનુસાર -

કાચી દિવાલ તથા કાચી છતવાળા આવાસોને કાચા આવસ તરીકે ઓળખવામાં આવે છે. કાચી દિવાલવાળા આવાસ જેમાં ઘાસ, વાંસ, પ્લાસ્ટીક, પોલિથીન, માટી, કાચી ઇંટો, લાકડા, પરાળ, છાજ, લીંપણ અને પથ્થરોનો ઉપયોગ થયેલ હોય.

કાચી છતવાળા આવાસ જેમાં મુખ્યત્વે ઘાસ, પરાળ, છાજ, વાંસ, લાકડા, માટી, પ્લાસ્ટીક, પોલિથીન અથવા હાથથી બનાવવામાં આવેલ ટાઇલ્સનો ઉપયોગ કરવામાં આવેલ હોય.

**2.6 સેન્સસ હાઉસ**

એક બિલ્ડીંગ અથવા બિલ્ડીંગનો ભાગ જેને એક એકમ તરીકે ઓળખવામાં આવે છે. જે રસ્તો, આંગણું અથવા દાદરથી અલગ પ્રવેશદ્વાર હોય, તેનો કબજો અથવા ખાલી હોઇ શકે, તેનો ઉપયોગ નિવાસ અથવા બિનનિવાસ હેતુ માટે અથવા બંને માટે થતો હોય.(Census of India)

**2.7 બિલ્ડીંગ-મકાન-આવાસ**

આવાસ એ સામાન્ય રીતે જમીન પરની રચના છે. એક એવા પ્રકારનું માળખુ છે જેમાં ચાર દિવાલો અને છત હોય. કેટલીકવાર તે એક કરતાં વધુ ઘટક એકમોથી બનેલું હોય. જેનો ઉપયોગ રહેણાંક, દુકાન, વ્યાપાર, ઓફિસ, કારખાનું, કામગીરી, શાળા, મનોરંજન સ્થળ, પૂજા, ગોડાઉન સ્ટોર વગેરે હેતુ માટે કરવામાં આવતો હોય અથવા એક કરતા વધુ હેતુ માટે ઉપયોગ કરવામાં આવતો હોય. જેમ કે, દુકાન કમ રહેઠાણ, વર્કશોપ કમ રહેઠાણ, ઓફિસ કમ રહેઠાણ વગેરે. કેટલાક વિસ્તારોમાં આવાસ બાંધવાની પ્રકૃતિ તથા રચના એવી હોય છે જ્યાં કોઇપણ પ્રકારની દિવાલ હોતી નથી અથવા શંકુદ્રુમ રચનાઓને આવાસ તરીકે ઓળખવામાં આવે છે. (Census of India)

**2.8 પાકું આવાસ**

જેની દિવાલ અને છત કાયમી સામગ્રીમાંથી બનાવવામાં આવેલ હોય, દિવાલોની સામગ્રી નીચેનામાંથી હોઇ શકે. પથ્થર (ચુનો અથવા સિમેન્ટથી ભરેલ), ગેલ્વેનાઇઝ્ડ પતરા, ધાતુ, એસબેસટોસ શીટ, પાકી ઇંટ, સિમેન્ટ, કોંક્રિટ. છત નીચેનામાંથી કોઇપણ સામગ્રીમાંથી બનાવવામાં આવેલ હોય. મશીન બનાવટ ટાઇલ્સ, સિમેન્ટ ટાઇલ્સ, પાકી ઇંટો, સિમેન્ટ ઇંટો, પથ્થર સ્લેટ, ગેલ્વેનાઇઝ્ડ પતરા, મેટલ, એસબેસટોસ શીટ, કોંક્રિટ વગેરે. આવા આવાસોને પાકા આવાસ તરીકે ઓળખવામાં આવે છે. (Census of India)

**2.9 કાચા આવાસ**

જેની બંને દિવાસો અને છત એવી સામગ્રીથી બનેલ હોય જેને વારંવાર બદલવી પડે. દિવાલો નીચેના કોઇપણ કામચલાઉ સામગ્રીમાંથી બનાવવામાં આવેલ હોય. ઘાસ, કાચી ઇંટો, વાંસ, માટી, છાજ, પ્લાસ્ટીક, પોલિથીન, માત્ર પથ્થરો ગોઠવીને વગેરે. (Census of India)

**2.10 નિવાસસ્થાન ખંડ**

રહેવા માટેનો ઓરડો જેમાં દરવાજા હોય અને છતવાળી દિવાલો હોય, વ્યક્તિને ઉંઘવા માટે જેની લંબાઇ અને પહોળાઇ પૂરતી હોય, લંબાઇ 2 મીટર કરતા ઓછી હોવી જોઇએ નહી અને પહોળાઇ 1.5 મીટર કરતા ઓછી હોવી જોઇએ નહી. નિવાસસ્થાનના ખંડમાં રહેવાનો ખંડ, સુવાનો ખંડ, ડ્રોઇંગ રૂમ, સ્ટડી રૂમ, સર્વન્ટ રૂમ, અન્ય રહેવા યોગ્ય રૂમ હશે. જેવા કે રસોડું, બાથરૂમ, શૌચાલય, સ્ટોર રૂમ, ઓસરી, વરંડો વગેરે. જે સામાન્ય રીતે રહેવા માટે ઉપયોગી નથી. તેને નિવાસસ્થાન ગણવામાં આવતું નથી. રૂમનો ઉપયોગ વિવિધલક્ષી હેતુ માટે કરવામાં આવતો હોઇ શકે. દા.ત. ઉંઘવા, બેસવા, જમવા, સંગ્રહ, રસોઇ વગેરે. એવી સ્થિતિ કે જ્યાં આવાસનો ઉપયોગ દુકાન કે ઓફિસ વગેરે માટે કરવામાં આવે છે અને તેમાં વસવાટ કરવામાં આવતો હોય તો તેને નિવાસસ્થાન તરીકે ગણવામાં આવતું નથી. (Census of India)

**3. હેતુ અને પદ્ધતિશાસ્ત્ર :**

પ્રસ્તુત શોધપત્રનો હેતુ ભારતના ગ્રામ્ય વિસ્તારમાં આવાસની સ્થિતિ જાણવાનો છે. ગ્રામીણ આવાસ અંગેની આંકડાકીય હકીકત વસ્તી ગણતરી, NSSO ના 76મો રાઉન્ડ - 2018 ના પેયજળ,

સ્વચ્છતા, આરોગ્ય અને આવાસની સ્થિતિ અંગેનો રાષ્ટ્રવ્યાપી સર્વેક્ષણ તથા સામાજિક-આર્થિક અને જ્ઞાતિ આધારીત વસ્તી ગણતરી – 2011 મુજબ તપાસ કરવાનો હેતુ છે. આ ઉપરાંત ભારતના ગ્રામ્ય વિસ્તારમાં આવાસ અંગેની સમસ્યાઓ અને ઉકેલો વિષે વિશદ ચર્ચા પ્રસ્તુત શોધપત્રમાં કરવામાં આવી છે. આ માટે સંશોધન અભ્યાસો, લેખો, સરકારી અહેવાલો, વસ્તી ગણતરીના અહેવાલો વગેરેને ગૌણ માહિતીના સ્રોત તરીકે લઇને માહિતીની રજૂઆત કરવામાં આવી છે.

**4. ભારતમા ગ્રામીણ આવાસની સ્થિતિ : આંકડાકીય હકીકત**

**4.1 NSSO ના 76મો રાઉન્ડ જુલાઇ-ડિસેમ્બર, 2018 માં પેયજળ, સ્વચ્છતા, આરોગ્ય અને આવાસની સ્થિતિ અંગે રાષ્ટ્રવ્યાપી સર્વેક્ષણ કરવામાં આવેલ. જેમાં ગ્રામીણ તથા શહેરી આવાસની સ્થિતિ નીચે મુજબ જોવા મળે છે.**

1. ગ્રામીણ વિસ્તારના 96 ટકા કુટુંબો અને શહેરી વિસ્તારના 63.8 ટકા કુટુંબો પાસે પોતાનું આવાસ છે.
2. ગ્રામીણ વિસ્તારના 96.7 ટકા અને શહેરી વિસ્તારના 91.5 ટકા કુટુંબો આવાસનો ઉપયોગ રહેવાના હેતુ માટે કરે છે.
3. ગ્રામીણ વિસ્તારના 76.7 ટકા અને શહેરી વિસ્તારના 96.0 ટકા કુટુંબો પાસે પાકી સંરચનાનું ઘર છે.
4. ગ્રામીણ વિસ્તારના 48.3 ટકા કુટુંબો અને શહેરી વિસ્તારના 86.8 ટકા કુટુંબો રસોઇ બનાવવા માટે ઇંધણ તરીકે LPG નો ઉપયોગ કરે છે.
5. ગ્રામીણ વિસ્તારના 61.1 ટકા કુટુંબો અને શહેરી વિસ્તારના 92 ટકા કુટુંબો પાસે ગંદા પાણીના નિકાલ માટે ગટરની સુવિધા હતી.
6. ગ્રામીણ વિસ્તારના 72.4 ટકા કુટુંબો અને શહેરી વિસ્તારના 70.3 ટકા કુટુંબો ઘરેલુ કચરાનો નિકાલ વ્યક્તિગત કચરાના સ્થાન પર અથવા સામુદાયિક કચરાના સ્થાને અથવા સાર્વજનિક સ્થાન પર કરે છે.
7. ગ્રામીણ વિસ્તારના 56.6 ટકા કુટુંબો અને શહેરી વિસ્તારના 91.2 ટકા કુટુંબોના આવાસમાં બાથરૂમની સુવિધા હતી.
8. ગ્રામીણ વિસ્તારના 89.0 ટકા કુટુંબો અને શહેરી વિસ્તારના 56.4 ટકા કુટુંબો પાસે સ્વતંત્ર આવાસ હતું.
9. રહેઠાણ એકમનો સરેરાશ ફ્લોર વિસ્તાર ગ્રામીણ વિસ્તારમાં 46.6 ચોરસ મીટર અને શહેરી વિસ્તારમાં 46.1 ચોરસ મીટર હતો.
10. ગ્રામીણ વિસ્તારના 93.9 ટકા કુટુંબો અને શહેરી વિસ્તારના 99.1 ટકા કુટુંબો પાસે આવાસમાં ઘરેલુ ઉપયોગ માટે વિજળીની સુવિધા છે.
11. ગ્રામીણ વિસ્તારના 48.1 ટકા કુટુંબો અને શહેરી વિસ્તારના 71.1 ટકા કુટુંબો ગંદા પાણીનો નિકાલ કોઇપણ પ્રકારની ટ્રીટમન્ટ કર્યા વગર ગટરમાં વહેવડાવી દે છે.

**કોષ્ટક નંબર : 1**

**કોષ્ટકનું નામ : NSSO ના 76માં રાઉન્ડ અનુસાર આવાસની સ્થિતિ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | ગ્રામીણ | શહેરી | ભારત |
|---|---|---|---|---|
| 1 | **આવાસનો પ્રકાર** | | | |
| 1.1 | સ્વતંત્ર આવાસ | 89 ટકા | 56.4 ટકા | 77.8 ટકા |
| 1.2 | ફ્લેટ | 3.4 ટકા | 31.3 ટકા | 12.9 ટકા |
| 1.3 | અન્ય | 7.7 ટકા | 12.3 ટકા | 9.3 ટકા |
| | કુલ | 100 ટકા | 100 ટકા | 100 ટકા |
| 2 | **આવાસનું માળખું** | | | |
| 2.1 | પાકા | 76.7 ટકા | 96.0 ટકા | 83.0 ટકા |

| | | | | |
|---|---|---|---|---|
| 2.2 | સેમી પાકા | 17.4 ટકા | 3.2 ટકા | 12.5 ટકા |
| 2.3 | કાચા | 5.9 ટકા | 0.8 ટકા | 4.2 ટકા |
| 2.4 | મરામત થઇ શકે તેવા કાચા | 4.5 ટકા | 0.6 ટકા | 3.2 ટકા |
| 2.5 | મરામત ન થઇ શકે તેવા કાચા | 1.4 ટકા | 0.2 ટકા | 1.0 ટકા |
| 3 | **આવાસનો હેતુ** | | | |
| 3.1 | રહેણાંક હેતુ | 96.7 ટકા | 91.5 ટકા | 94.9 ટકા |
| 3.2 | રહેણાંક અને વાણિજ્ય | 2.5 ટકા | 7.5 ટકા | 4.2 ટકા |
| 3.3 | રહેણાંક અને અન્ય | 0.8 ટકા | 1.0 ટકા | 0.9 ટકા |
| 4 | **આવાસની સ્થિતિ** | | | |
| 4.1 | સારી | 34.7 ટકા | 58.2 ટકા | 42.7 ટકા |
| 4.2 | સંતોષજનક | 50.4 ટકા | 35.0 ટકા | 45.1 ટકા |
| **ક્રમ** | **વિગત** | **ગ્રામીણ** | **શહેરી** | **ભારત** |
| 4.3 | ખરાબ | 14.9 ટકા | 6.9 ટકા | 12.2 ટકા |
| 5 | **આવાસના માળ** | | | |
| 5.1 | 1 માળ | 91.2 ટકા | 53.1 ટકા | 78.2 ટકા |
| 5.2 | 2 માળ | 8.4 ટકા | 27.1 ટકા | 14.8 ટકા |
| 5.3 | 3 માળકે તેથી વધુ માળ | 0.5 ટકા | 19.7 ટકા | 7.0 ટકા |
| 6 | **આવાસની માલિકી** | | | |
| 6.1 | માલિકીનું આવાસ | 96 ટકા | 63.8 ટકા | 85 ટકા |
| 6.2 | ભાડાનું આવાસ | 2.8 ટકા | 32.8 ટકા | 13.1 ટકા |
| 7 | આવાસની સરેરાશ પ્લીન્થ લેવલ (મીટરમાં) | 0.4 મી. | 0.4 મી. | 0.4 મી. |
| 8 | આવાસનો સરેરાશ ફ્લોર એરિયા (ચો.મી.) | 46.6 | 46.1 | 46.4 |
| 9 | સરેરાશ ઓરડાની સંખ્યા | 2.1 | 2.1 | 2.1 |
| 10 | આવાસમાં સરેરાશ વિવાહીત યુગલોની સંખ્યા | 1.0 | 1.0 | 1.0 |
| 11 | આવાસમાં તમામ વિવાહીત યુગલને સ્વતંત્ર ઓરડો મળતો હોય | 66.4 ટકા | 72.4 ટકા | 68.3 ટકા |
| 12 | ભાડે રહેતા આવાસમાં ચૂકવવામાં આવતું સરેરાશ આવાસ ભાડું (રૂપિયામાં) | 1424 | 3306 | 3056 |
| 13 | **આવાસમાં રસોડું** | | | |
| 13.1 | આવાસમાં સ્વતંત્ર રસોડું – પાણીના નળ સાથે | 10.5 ટકા | 52.8 ટકા | 25.0 ટકા |
| 13.2 | આવાસામાં સ્વતંત્ર રસોડું – પાણીના નળ સિવાય | 41.9 ટકા | 22.4 ટકા | 35.2 ટકા |
| 13.3 | સ્વતંત્ર રસોડું આવાસમાં | 52.4 ટકા | 75.3 ટકા | 60.2 ટકા |
| 13.4 | આવાસમાં સ્વતંત્ર રસોડાનો અભાવ | 47.6 ટકા | 24.7 ટકા | 39.8 ટકા |
| 14 | આવાસમાં ઘરેલુ ઉપયોગ માટે વિજળીની સુવિધા | 93.9 ટકા | 99.1 ટકા | 95.7 ટકા |
| 15 | **રસોઇ બનાવવા માટે ઇંધણનો ઉપયોગ** | | | |
| 15.1 | પાકની આડપેદાશો અને લાકડાના છોડીયા | 44.5 ટકા | 5.6 ટકા | 31.2 ટકા |
| 15.2 | LPG | 48.3 ટકા | 86.6 ટકા | 61.4 |
| 15.3 | છાણા | 5.5 ટકા | 0.5 ટકા | 3.8 ટકા |

| | | | | |
|---|---|---|---|---|
| 15.4 | અન્ય | 1.1 ટકા | 3.2 ટકા | 1.8 ટકા |
| 15.5 | રસોઇ બનાવવાની કોઇ વ્યવસ્થા નથી અથવા રસોઇ બનાવતા નથી | 0.6 ટકા | 4.1 ટકા | 1.8 ટકા |
| **16** | **માલિકીનું આવાસ કેટલા વર્ષ પહેલા બનાવવામાં આવેલ ?** | | | |
| 16.1 | 1 વર્ષ કરતા ઓછો સમય | 1.7 ટકા | 1.4 ટકા | 1.6 ટકા |
| 16.2 | 1 થી 5 વર્ષ | 8.1 ટકા | 7.8 ટકા | 8.1 ટકા |
| **ક્રમ** | **વિગત** | **ગ્રામીણ** | **શહેરી** | **ભારત** |
| 16.3 | 5 થી 40 વર્ષ | 76.2 ટકા | 78.8 ટકા | 76.8 ટકા |
| 16.4 | 40 થી વધુ વર્ષ | 13.3 ટકા | 1.7 ટકા | 12.7 ટકા |
| 17 | આવાસ પાછળ છેલ્લા 365 દિવસમાં સરેરાશ ખર્ચ (રૂપિયામાં) | 1,08,569 | 2,48,931 | 1.41.425 |
| **18** | **આવાસના બાંધકામ-ખરીદીમાં નાણાના મુખ્ય સ્ત્રોતો** | | | |
| 18.1 | પોતાના દ્વારા | 83.9 ટકા | 87.8 ટકા | 84.8 ટકા |
| 18.2 | સરકારી | 25.9 ટકા | 10.0 ટકા | 22.2 ટકા |
| 18.3 | બેંક | 6.7 ટકા | 14.3 ટકા | 8.5 ટકા |
| 18.4 | SHG | 2.8 ટકા | 3.5 ટકા | 2.9 ટકા |
| 18.5 | નાણા ધીરનાર | 7.9 ટકા | 5.4 ટકા | 7.3 ટકા |
| 18.6 | મિત્રો / સંબંધી | 16.2 ટકા | 17.0 ટકા | 16.4 ટકા |

(સ્ત્રોત : **NSSO ના 76મો રાઉન્ડ જુલાઇ-ડિસેમ્બર, 2018 પેયજળ, સ્વચ્છતા, આરોગ્ય અને આવાસની સ્થિતિ અંગે રાષ્ટ્રવ્યાપી સર્વેક્ષણ)**

**4.2 2011 ની વસ્તી ગણતરી અનુસાર ભારતમાં ગ્રામીણ આવાસની આંકડાકીય હકીકત**

1. 2011 ની વસ્તી ગણતરી અનુસાર ભારતમાં 331 મિલિયન આવાસ આવેલા છે. જેમાં 221 મિલિયન (66.7 ટકા) ગ્રામીણ વિસ્તારમાં અ 110 મિલિયન (33.3 ટકા) આવાસ શહેરી વિસ્તારમાં આવેલા છે.
2. 2011 ની વસ્તી ગણતરી અનુસાર ભારતમાં કુલ આવાસના 306 મિલિયન (92.5 ટકા) આવાસમાં લોકો વસવાટ કરે છે. જેમાંના 207.2 મિલિયન આવાસ ગ્રામ્ય વિસ્તારમાં અને 99 મિલિયન આવાસ શહેરી વિસ્તારમાં આવેલા છે. ભારતમાં 24.7 મિલિયન (7.5 ટકા) આવાસ ખાલી છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં 13.6 મિલિયન અને શહેરી વિસ્તારમાં 11.1 મિલિયન આવાસ ખાલી છે. જ્યારે ભારતમાં 1.3 મિલિયન (1.3 ટકા) આવાસને તાળુ મારેલ છે. જેમાં ગ્રામ્ય વિસ્તારના 0.6 મિલિયન આવાસ અને શહેરી વિસ્તારના 0.7 મિલિયન આવાસ છે.
3. 2011 ની વસ્તી ગણતરી અનુસાર ભારતમાં વસ્તી ગણતરીના કુલ આવાસોની સંખ્યા સંસ્થાકીય અને નિવાસ 304.9 મિલિયન છે. તેમાં 206.6 મિલિયન ગ્રામીણ અને 98.3 મિલિયન શહેરી છે. ભારતમાં 236.1 મિલિયન આવાસનો ઉપયોગ નિવાસ માટે થાય છે. તેમાં 160.0 મિલિયન ગ્રામ્ય અને 76.1 મિલિયન આવાસ શહેરી છે. જ્યારે ભારતમાં 60.2 મિલિયન આવાસનો ઉપયોગ સંસ્થાકીય છે તેમાં 40.4 મિલિયન આવાસ ગ્રામ્ય અને 19.8 આવાસ શહેરી છે. ભારતમાં 8.6 મિલિયન આવાસનો નિવાસ અને અન્ય ઉપયોગ થાય છે. જેમાંના 6.2 મિલિયન આવાસ ગ્રામ્ય અને 2.4 મિલિયન આવાસ શહેરી છે.
4. 2011 ની વસ્તી ગણતરી અનુસાર ભારતમાં વસ્તી ગણતરીના નિવાસ અને સંસ્થાકીય આવાસોની કુલ સંખ્યા 304.9 મિલિયન છે. જેમાંના 62.7 ટકા કાયમી, 23.9 ટકા

અર્ધકાયમી, અસ્થાયી 12.3 ટકા (રહેવા લાયક 56.2 અને ન રહેવાલાયક 43.8 ટકા) અને બિનવર્ગીકૃત 1.1 ટકા આવાસ છે. જેમાં ગ્રામ્ય વિસ્તારના વસ્તી ગણતરીના કુલ આવાસોના 206.6 મિલિયનના 52.0 ટકા કાયમી, 30.1 ટકા અર્ધકાયમી, અસ્થાયી 16.7 ટકા (રહેવાલાયક 56 ટકા અને ન રહેવાલાયક 44.0 ટકા) અને બિનવર્ગીકૃત 1.2 ટકા છે. જ્યારે શહેરી વિસ્તારમાં વસ્તી ગણતરીના કુલ આવાસના 98.3 મિલિયન આવાસના 85.3 ટકા આવાસ કાયમી, 10.7 ટકા અર્ધકાયમી, 3.0 ટકા અસ્થાયી (58.8 ટકા રહેવાલાયક અને 41.2 ટકા ન રહેવાલાયક) અને 1.0 ટકા 41.2 ટકા ન રહેવાલાયક) અને 1.0 ટકા બિનવર્ગીકૃત આવાસ છે.

5. 2011ની વસ્તી ગણતરી અનુસાર આવાસની સ્થિતિની જો વાત કરીએ તો ભારતમાં કુલ આવાસોના 53.2 ટકા આવાસની સ્થિતિ સારી, 41.5 ટકા આવાસની સ્થિતિ રહેવાલાયક અને 5.3 ટકા જર્જરીત છે જ્યારે ગ્રામીણ વિસ્તારમાં આવાસની સ્થિતિ જોઇએ તો, 46 ટકા આવાસની સ્થિતિ સારી, 47.5 ટકા આવાસની સ્થિતિ રહેવાલાયક અને 6.5 ટકા આવાસની સ્થિતિ જર્જરીત છે. શહેરી વિસ્તારના કુલ આવાસોમાંથી 68.5 ટકા આવાસની સ્થિતિ સારી, 28.6 ટકા આવાસની સ્થિતિ રહેવાલાયક અને 2.9 ટકા આવાસની સ્થિતિ જર્જરીત છે.

**4.3 સામાજિક-આર્થિક અને જ્ઞાતિ આધારીત વસ્તી ગણતરી – 2011 મુજબ ભારતમાં ગ્રામીણ આવાસની સ્થિતિ નીચે મુજબ છે.**

| | | | |
|---|---|---|---|
| **1.** | **આવાસ અંગેની સામાન્ય માહિતી** | | |
| 1.1 | ભારતમાં ગ્રામીણ કુટુંબો | - | 179787454 |
| 1.2 | માલિકીનું આવાસ ધરાવતા કુટુંબો | - | 170636913 (94.91 ટકા) |
| 1.3 | ભાડાનું આવાસ ધરાવતા કુટુંબો | - | 6293350 (3.50 ટકા) |
| 1.4 | અન્ય પ્રકારના આવાસ ધરાવતા કુટુંબો | - | 2659940 (1.48 ટકા) |
| **2.** | **માલિકીનું આવાસ ધરાવતા કુટુંબોમાં રૂમની સંખ્યા** | | |
| 2.1 | 1 રૂમ | - | 58874893 |
| 2.2 | 2 રૂમ | - | 67512343 |
| 2.3 | 3 રૂમ | - | 27164214 |
| 2.4 | 3 કરતા વધુ રૂમ | - | 23687632 |
| **3** | **કાચા આવાસમાં દિવાલમાં વાપરવામાં આવતી સામગ્રી** | | |
| 3.1 | ઘાસ, વાંસ, છાજ, પરાળ | - | 21264925 |
| 3.2 | પ્લાસ્ટીક, પોલિથીન | - | 1168660 |
| 3.3 | માટી, કાચી ઇંટ | - | 49291705 |
| 3.4 | લાકડા | - | 2150844 |
| 3.5 | પથ્થર | - | 6410625 |
| 3.6 | કુલ | - | 80286759 (44.66 ટકા) |
| **4.** | **પાકા આવાસમાં દિવાલમાં વાપરવામાં આવતી સામગ્રી** | | |
| 4.1 | પથ્થર | - | 13802295 |
| 4.2 | પાકી ઇંટ | - | 76260717 |
| 4.3 | કોંક્રિટ | - | 6537619 |
| 4.4 | મેટલ, એસએસટોસશીટ, ગેલ્વેનાઇઝડ પાતરા | - | 1828998 |

| | | | |
|---|---|---|---|
| 4.5 | અન્ય | - | 894694 |
| **5.** | **કાચા આવાસની છતમાં વાપરવામાં આવતી સામગ્રી** | | |
| 5.1 | ઘાસ, છાજ, વાંસ | - | 29041633 |
| 5.2 | પ્લાસ્ટિક, પોલિથીન | - | 3466949 |
| 5.3 | હાથે બનાવેલી ટાઇલ્સ | - | 33317118 |
| 5.4 | કુલ | - | 65825700 (36.61 ટકા) |
| **6.** | **પાકા આવાસની છતમાં વાપરવામાં આવતી સામગ્રી** | | |
| 6.1 | મશીનમાં બનાવેલ ટાઇલ્સ | - | 17634643 |
| 6.2 | પાકી ઇંટ | - | 11876925 |
| 6.3 | પથ્થર | - | 8327342 |
| 6.4 | સ્લેટ | - | 5919541 |
| 6.5 | ગેલ્વેનાઇઝ્ડ પતરા,<br>એસએસટોસશીટ, મેટલ | - | 25438898 |
| 6.6 | કોંક્રિટ | - | 42611263 |
| 6.7 | અન્ય | - | 1976770 |
| 6.8 | કુલ | - | 113785380 (63.29 ટકા) |
| **7.** | **ભારતમાં ગ્રામીણ વિસ્તારમાં અનુસૂચિત જાતિના કુટુંબોના આવાસની સ્થિતિ** | | |
| 7.1 | કુલ વસ્તીમાં અનુસૂચિત જાતિના કુલ કુટુંબો | - | 18.45 ટકા |
| 7.2 | માલિકીનું આવાસ ધરાવતા કુટુંબો | - | 17.69 ટકા |
| 7.3 | પાકા આવાસ ધરાવતા કુટુંબો | - | 8.16 ટકા |
| 7.4 | કાચા આવાસ ધરાવતા કુટુંબો | - | 6.26 ટકા |
| 7.5 | સેમી કાચા આવાસ (કાચી દિવાલ અને પાકી છત) | - | 2.49 ટકા |
| 7.6 | સેમી પાકા આવાસ (પાકી દિવાલ અને કાચી છત) | - | 1.3 ટકા |
| **8.** | **ભારતમાં ગ્રામીણ વિસ્તારમાં અનુસૂચિત જનજાતિના કુટુંબોના આવાસની સ્થિતિ** | | |
| 8.1 | કુલ વસ્તીમાં અનુસૂચિત જાતિના કુટુંબો | - | 10.98 ટકા |
| 8.2 | માલિકીનું આવાસ ધરાવતા કુટુંબો | - | 10.50 ટકા |
| 8.3 | પાકા આવાસ ધરાવતા કુટુંબો | - | 2.21 ટકા |
| 8.4 | કાચા આવાસ ધરાવતા કુટુંબો | - | 5.89 |
| 8.5 | સેમી કાચા આવાસ ધરાવતા કુટુંબો | - | 2.19 |
| 8.6 | સેમી પાકા આવાસ ધરાવતા કુટુંબો | - | 0.59 ટકા |
| **9.** | **ભારતમાં ગ્રામીણ વિસ્તારમાં બિન અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ (અન્ય કેટેગરી) ના આવાસની સ્થિતિ** | | |
| 9.1 | માલિકીનું આવાસ ધરાવતા કુટુંબો | - | 66.71 ટકા |
| 9.2 | ભાડાનું આવાસ ધરાવતા કુટુંબો | - | 2.78 ટકા |
| 9.3 | અન્ય પ્રકારનું આવાસ ધરાવતા કુટુંબો | - | 1.0 ટકા |
| 9.4 | કાચા આવાસ ધરાવતા કુટુંબો | - | 18.1 ટકા |
| 9.5 | પાકા આવાસ ધરાવતા કુટુંબો | - | 37.59 |
| 9.6 | સેમી કાચા આવાસ ધરાવતા કુટુંબો | - | 9.32 |
| 9.7 | સેમી પાકા આવાસ ધરાવતા કુટુંબો | - | 4.4 ટકા |
| **10.** | **ભારતમાં ગ્રામીણ વિસ્તારમાં મહિલા વડા હોય તેવા કુટુંબોમાં આવાસની સ્થિતિ** | | |

| | | | |
|---|---|---|---|
| 10.1 | મહિલા વડા હોય તેવા કુટુંબો | - | 12.88 ટકા |
| 10.2 | માલિકીનું મકાન ધરાવતા કુટુંબો | - | 12.13 ટકા |
| 10.3 | ભાડાનું મકાન ધરાવતા કુટુંબો | - | 0.48 ટકા |
| 10.4 | અન્ય પ્રકારના આવાસ ધરાવતા કુટુંબો | - | 0.26 ટકા |
| 10.5 | કાચા આવાસ ધરાવતા કુટુંબો | - | 3.79 ટકા |
| 10.6 | પાકા આવાસ ધરાવતા કુટુંબો | - | 6.1 ટકા |
| 10.7 | સેમી કાચા આવાસ ધરાવતા કુટુંબો | - | 1.98 ટકા |
| 10.8 | સેમી પાકા મકાન ધરાવતા કુટુંબો | - | 0.76 ટકા |
| **11.** | **ભારતમાં ગ્રામીણ વિસ્તારમાં દિવ્યાંગ કુટુંબોમાં આવાસની સ્થિતિ** | | |
| 11.1 | દિવ્યાંગ કુટુંબોની સંખ્યા | - | 6.08 ટકા |
| 11.2 | પોતાનું આવાસ ધરાવતા કુટુંબો | - | 5.80 ટકા |
| 11.3 | ભાડાનું આવાસ ધરાવતા કુટુંબો | - | 0.16 ટકા |
| 11.4 | અન્ય પ્રકારના આવાસ ધરાવતા કુટુંબો | - | 0.12 ટકા |
| 11.5 | કાચા આવાસ ધરાવતા કુટુંબો | - | 2.16 ટકા |
| 11.6 | પાકા આવાસ ધરાવતા કુટુંબો | - | 2.4 ટકા |
| 11.7 | સેમી કાચા આવાસ ધરાવતા કુટુંબો | - | 0.94 ટકા |
| 11.8 | સેમી પાકા આવાસ ધરાવતા કુટુંબો | - | 0.42 ટકા |
| **12.** | **ભારતમાં શહેરી વિસ્તારમાં આવાસની સ્થિતિ** | | |
| 12.1 | શહેરી કુટુંબોની સંખ્યા | - | 65.13 મિલિયન કુટુંબો |
| 12.2 | પોતાની માલિકીના આવાસ ધરાવતા કુટુંબો | - | 74 ટકા |
| 12.3 | ભાડાનું આવાસ ધરાવતા કુટુંબો | - | 22.02 ટકા |
| 12.4 | અન્ય આવાસ ધરાવતા કુટુંબો | - | 1.04 ટકા |
| 12.5 | રોજગાર આપનારે આપેલા આવાસો | - | 1.43 ટકા |
| 12.6 | રોજગાર આપનારની સાથે આવાસમાં રહેતા | - | 0.42 ટકા |
| 12.7 | ભાગીદારીમાં આવાસમાં રહેતા કુટુંબો | - | 0.42 ટકા |
| **13** | **ભારતમાં શહેરી વિસ્તારમાં આવાસમાં રૂમની સંખ્યા** | | |
| 13.1 | 1 રૂમ ધરાવતા | - | 24.46 ટકા |
| 13.2 | 2 રૂમ ધરાવતા | - | 34.87 ટકા |
| 13.3 | 3 રૂમ ધરાવતા | - | 20.92 ટકા |
| 13.4 | 3 રૂમથી વધુ ધરાવતા | - | 18.64 ટકા |
| 13.5 | એકપણ રૂમ નથી તેવા | - | 0.94 ટકા |
| 13.6 | ઘરવિહોણા | - | 0.15 ટકા |

(સ્ત્રોત: સામાજિક-આર્થિક અને જ્ઞાતિ આધારીત વસ્તી ગણતરી – 2011)

**5. ભારતમા ગ્રામીણ આવાસની સમસ્યાઓ**

ભારતમાં આવાસની અછત છે. સાથે સાથે આવાસમાં પાયાની સુવિધાઓનો અભાવ પણ જોવા મળે છે. સરકાર દ્વારા શહેરી આવાસની સરખામણીએ ગ્રામીણ આવાસને ઓછી અગ્રતા આપવામાં આવેલ છે. આઝાદીના આટલા વર્ષો બાદ પણ આવાસનો અધિકાર એક દિવાસ્વપ્ન રહ્યું છે. ગ્રામીણ વિસ્તારમાં 43 મનિલિયન આવાસની અછત પ્રવર્તે છે. શહેરી વિસ્તારની સરખામણીએ ગ્રામીણ વિસ્તારના આવાસની અછત બમણી છે. વિશાળ અછતની સાથે સાથે આવાસની સ્થિતિ અને પાયાની સુવિધાની ઉપલબ્ધતામાં પણ શહેરોની સરખામણીએ ગ્રામીણ વિસ્તારમાં તફાવત જોવા મળે છે. આ વાસ્તવિકતા હોવા છતાં શહેરી પૂર્વગ્રહિત નીતિ અને કાર્યક્રમોના

લીધે ગ્રામીણ આવાસની અવગણના અને ઉપેક્ષા સેવવામાં આવે છે. ગ્રામીણ વિસ્તારમાં ગરીબી, નાણાં પ્રાપ્ત કરવા માટે ઔપચારિક સ્ત્રોતોના અભાવના લીધે સલામત, ટકાઉ, રહેવાલાયક આવાસ સક્ષમતાના અભાવે બનાવી શક્તા નથી. ગ્રામીણ વિસ્તારમાં આવાસની અછતનો સૌથી વધુ ભોગ સમાજના સીમાંત જૂથો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકો બને છે. ગ્રામીણ આવાસની સ્થિતિ સારી જોવા મળતી નથી તેમજ સમાજના કહેવાતા ઉપલા વર્ગની સરખામણીએ પાયાની સુવિધાઓનો પણ અભાવ જોવા મળે છે.

ભારતીય આયોજન પંચ અને ગ્રામીણ વિકાસ મંત્રાલય, ભારત સરકારની પહેલથી ગ્રામીણ ભારતમાં મકાનની અછતનું મૂલ્યાંકન કરવા માટે એક કાર્યકારી જૂથની રચના કરવામાં આવેલ. 11 મી પંચવર્ષીય યોજના 2006 માં ગ્રામીણ ભારતમાં 47.4 મિલિયન આવાસની અછત હતી, જ્યારે 12 મી પંચવર્ષીય યોજના (2012-17) ના સમયગાળામાં 48.8 મિલિયન આવાસની અછત ગ્રામીણ ભારતમાં હતી. તેમાંના 90 ટકા બી.પી.એલ. કુટુંબો છે. તેઓમાં 43.93 મિલિયન આવાસની અછત છે. ગ્રામીણ આવાસ ક્ષેત્રે સંસાધનો અને નાણાંની ફાળવણી ઓછી કરવામાં આવે છે. ગ્રામીણ આવાસ યોજનાના અમલીકરણ માટે વહીવટી માળખાનો અભાવ તથા દેખરેખનો અભાવ જોવા મળે છે. જેના લીધે વાસ્તવિક લાભાર્થી, ગરીબ, વંચિતને ગ્રામીણ આવાસ યોજનાનો લાભ મળતો નથી. ગ્રામીણ આવાસ ક્ષેત્રે ખાસ કેટલીક સમસ્યાઓ પણ જોવા મળે છે. જેવી કે આવાસ સંબંધી સંશોધનનો અભાવ, સંસ્થીકૃત વ્યવસ્થાનો અભાવ, ટકાઉ અને ઓછા ખર્ચવાળી તકનીકીનો અભાવ, બિનકુશળ, તાલીમના અભાવવાળું માનવ સંસાધન, લાભાર્થીની પસંદગી ખોટી રીતે થવી, લાભાર્થીની પસંદગીમાં યોગ્ય માપદંડોનો અભાવ, બાંધકામ સાઇટનો અભાવ અને નાણાકીય સંસાધનોનું ગેરવ્યવસ્થાપન વગેરે.

આવાસને ગ્રામીણ ગરીબોની મૂળભૂત જરૂરિયાત તરીકે જોવામાં આવી ન હતી. આવાસ અંગેની નીતિની વાતની શરૂઆત છેક 1988 થી થઇ. ગ્રામીણ આવાસ ક્ષેત્રે ખાનગી ક્ષેત્રનો અભાવ પ્રવર્તે છે. ગામડા અને શહેર વચ્ચે સંકલનનો અભાવ છે. ગ્રામીણ વસ્તીના પ્રમાણમાં આવાસની તંગી પ્રવર્તે છે. પૂરતા ભંડોળનો અભાવ છે, ભંડોળ છે તો દૂરઉપયોગ થાય છે અથવા ઓછો ઉપયોગ થાય છે. આવાસ નીતિમાં સમગ્રલક્ષી અભિગમની મર્યાદા જોવા મળે છે.

ગ્રામીણ આવાસની સ્થિતિ ઘણી ગંભીર છે. પરંતુ તેને ઓછી અગ્રતા આપવામાં આવી છે. ઉપેક્ષા સેવવામાં આવી છે. શહેરી વિસ્તારની સરખામણીએ ગ્રામીણ આવાસની અછત અઢી ગણી વધુ છે. વર્ષોથી ગ્રામીણ આવાસની અછત વધી રહી છે. સરકારનું વલણ અને ચિંતા શહેર તરફી જોવા મળે છે. ગરીબી અને વંચિતતા શહેરની સરખામણીએ ગામડામાં વધુ છે. જેની સીધી અસર આવાસ ક્ષેત્રે પડે છે. વસવાટ કરનારના વિકાસ પર આજીવન પ્રતિકૂળ અસર પડે છે. ગરીબી અને વંચિતતા કાચા આવાસમાં રહેવા માટે દબાણ કરે છે.

આવાસની તંગી માટે નાણાકીય સહાયનો અભાવ જોવા મળે છે. મોટાભાગે નાણાનો સ્ત્રોત અનૌપચારિક હોવાથી વધુ વ્યાજ ચૂકવવું પડે છે. સંસ્થીકૃત વ્યવસ્થા પહોંચ બહાર છે તથા વહીવટી પ્રક્રિયા જટિલ પણ છે. ગ્રામીણ આવાસોની સ્થિતિ જર્જરીત પ્રકારની છે તથા નબળી ગુણવત્તાના છે.

**6. ભારતમા ગ્રામીણ આવાસની સમસ્યાના ઉપાયો – ભલામણો**

1. ગ્રામીણ વિસ્તારમાં સૌના માટે આવાસનું લક્ષ્ય પાર પાડવા માટે ગ્રામીણ ક્ષેત્રમાં અનુકૂળ વાતાવરણ સર્જનની જરૂરિયાત છે. જેથી ગ્રામીણ ક્ષેત્રમાં વસવાટ કરતા લોકોને પાયાની સુવિધાવાળું પાકું આવાસ મળી શકે.
2. ગ્રામીણ આવાસની અછતની સ્થિતિને પહોંચી વળવા માટે ગ્રામીણ આવાસ ક્ષેત્રે નીતિ-યોજનાઓ, કાર્યક્રમોમાં, ભંડોળમાં અગ્રતા આપી ધ્યાન આપવું.
3. ઔપચારિક સંસ્થાઓ પાસેથી લોનની સુવિધા પૂરી પાડવી અને પ્રક્રિયા સરળ બનાવવી.
4. આવાસ બનાવવા માટે જમીન પૂરી પાડવી, આવાસમાં પાયાની સુવિધાઓ ઉપલબ્ધ બનાવવી.
5. સસ્તા, સ્થાનિક સ્તરે ઉપલબ્ધ સામગ્રીમાંથી ટકાઉ, પર્યાવરણને અનુરૂપ અને આપત્તિરોધક આવાસની રચના તૈયાર કરવી.

6. ગ્રામીણ આવાસ સંસ્થાઓનું મજબૂતીકરણ કરવું, ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતા પરિવારો માટે આવાસની અછત દૂર કરી પર્યાપ્ત આવાસ પૂરા પાડવા.
7. ગ્રામીણ વિસ્તારમાં ગરીબ અને પછાત વર્ગને સહાય આપવા માટે પૂરતા ભંડોળની ફાળવણી કરવી.
8. નાગરિક સુવિધાઓ અને આજીવિકાના માળખા સાથેના આયોજિત ગ્રામીણ વિકાસ માટે એક અલગ સ્વતંત્ર આવાસ નીતિ ઇચ્છનીય છે.
9. ગ્રામીણ આવાસ ક્ષેત્રે પંચાયતી રાજ સંસ્થઆઓ, ખાનગી ક્ષેત્ર, જાહેર ક્ષેત્ર તથા સહકારી મંડળીઓની ભાગીદારી મેળવવી. જાહેર-ખાનગી ભાગીદારી મોડેલ અપનાવવું.
10. પડતર, ખરાબાની જમીનોને વિકસીત કરી વસાહતોની સ્થાપના કરવી.
11. આવાસ નિર્માણ માટે રાજકીય તથા વહીવટી અડચણોને દૂર કરી સરકારના વિવિધ વિભાગો વચ્ચે સંકલન કરવું.
12. આવાસ નિર્માણ માટેની જગ્યા 25 ચો.મી. થી વધારવી. જેથી ખેતી, પશુપાલન, ગ્રામઉદ્યોગ, ગૃહઉદ્યોગ, મરઘા-બતકા પાલન સારી રીતે થઇ શકે.
13. આવાસ નિર્માણ માટે નાણા ધિરાણ માટે સંસ્થીકૃત પહોંચની વ્યવસ્થા વધારવી, ઓછા વ્યાજે આ સુવિધા ઉપલબ્ધ બનાવવી.
14. આવાસ પૂરતા હવા ઉજાસવાળા, સુરક્ષાવાળા, ગોપનીયતા ધરાવતા, તમામ પાયાની સુવિધાઓથી સજ્જ ઉપલબ્ધ કરાવવા, જે તે પ્રદેશની આબોહવા અને ભૌગોલિક પરિસ્થિતિને અનુરૂપ હોય.
15. ગ્રામીણ આવાસ ક્ષેત્રે સર્વગ્રાહી વિકાસ માટે વિવિધ ગ્રામીણ વિકાસ કાર્યક્રમોને આવાસ કાર્યક્રમ હેઠળ આવરી લેવા.
16. ગ્રામીણ આવાસ નિર્માણ માટે કડિયા, વ્યાવસાયિકો તથા એન્જીનીયર્સને તાલીમ આપવી.

**7. સંદર્ભ ગ્રંથ :**


1. Census of India (2012), *H-Series Tables on Census Houses, Household Amenities and Assets*, Registrar General and Census Commissioner, India, Ministry of Home Affairs, New Delhi.
2. Chandramauli C. (2012), *Houses, Household Amenities and Assets Data 2001 - 2011 - Visualizing Through Maps*, Registrar General & Census Commissioner, India http://censusindia.gov.in/2011-Common/NSDI/Houses_Household.pdf
3. Kumar Abhay and Others (2016), *Rural Housing in India Status and Policy Challenges*, Lokashraya Foundation, New Delhi.
4. Ministry of Rural Development (MoRD), *Annual Report 2018-19 English*, Government of India, New Delhi.
5. Ministry of Rural Development (MoRD), *Indira Awas Yojana (IAY) Guidelines*, Ministry of Rural Development, Government of India, New Delhi.
6. Ministry of Rural Development (MoRD), *Working Group on Rural Housing for 11th Five Year Plan*, Government of India, New Delhi.
7. Ministry of Rural Development (MoRD), *Working Group on Rural Housing for 12th Five Year Plan*, Government of India, New Delhi.
8. National Sample Survey Organisation (2019), *Report No. 584: Drinking Water, Sanitation, Hiygiene and Housing Condition in India, 76th Round, 2018*, Ministry of Statistics and Programme Implementation, Government of India, New Delhi.
9. Socio Economic and Caste Survey – 2011 https://secc.gov.in/reportlistContent


* * * * *